# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

અધિક જેઠ વદ - ૧૦ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૧૧ ● અંકઃ ૧૯૦ ● તારીખઃ ૧૦.૦૬.૨૦૨૬, બુધવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060



સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦


## આજનો સુવિચાર

જ્યારે તમે એકલા હોવત્યારે તમારા વિચારો ઉપર કાબુ રાખો, અને જ્યારે તમે બધાની સાથે હોવ ત્યારે તમારી જીભ ઉપર કાબુ રાખો!

# ભારતે પહેલી વાર તૈનાત કર્યા ૧૨ પરમાણુ હથિયાર



**સમય સંદેશઃ નવીદિલ્હી**

વૈશ્વિક સ્તરે શસ્ત્રોનું મોનિટરિંગ કરતી અગ્રણી સંસ્થા 'સિપ્રી'ના તાજેતરના અહેવાલમાં ભારતની પરમાણુ નીતિને લઈને એક અત્યંત મહત્વનો ખુલાસો થયો છે. અહેવાલ અનુસાર, ભારતે ઇતિહાસમાં પ્રથમ વખત પોતાના ૧૨ પરમાણુ શસ્ત્રોને ઓપરેશનલ રૂપમાં તૈનાત કર્યા છે, જે દેશની સંરક્ષણ વ્યૂહરચનામાં એક મોટો ફેરફાર દર્શાવે છે. અગાઉ ભારત માત્ર યુદ્ધ જેવી કટોકટીની સ્થિતિમાં જ વોરહેડ અને મિસાઇલોનું

અનુ પાના નં.૨ પર

## મધ્ય પ્રદેશમાં રાજ્યસભા ચૂંટણી પહેલા કોંગ્રેસને મોટો ઝટકો

### MPમાં મીનાક્ષી નટરાજનનું નામાંકન રદ, ભાજપના ત્રણેય ઉમેદવારો થશે બિનહરીફ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

મધ્ય પ્રદેશના રાજકારણમાંથી આ સમયના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. રાજ્યમાં યોજાનારી રાજ્યસભાની હાઈ-પ્રોફાઈલ ચૂંટણી પહેલા વિપક્ષ કોંગ્રેસ પક્ષને ભારે ક્ષોભજનક સ્થિતિનો સામનો કરવો પડ્યો છે. પક્ષના અગ્રણી ઉમેદવાર મીનાક્ષી નટરાજનનું નામાંકન પત્ર (નોમિનેશન ફોર્મ) ચૂંટણી અધિકારી (રિટર્નિંગ ઓફિસર) દ્વારા કાયદાકીય ખામીઓ અને વિગતો છુપાવવાના કારણે રદ કરી દેવામાં આવ્યું છે. આ કાનૂની આંચકાના કારણે મધ્ય પ્રદેશની ત્રીજી રાજ્યસભા બેઠક માટે થનારી જંગ હવે વહેલી પૂરી થઈ ગઈ છે અને ભારતીય જનતા પાર્ટી ના ઉમેદવાર મહેશ કેવટ હવે નિર્વિરોધ (બિનહરીફ) ચૂંટાવા જઈ રહ્યા છે. આ સમગ્ર વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે ભાજપના વરિષ્ઠ નેતાઓ કૈલાશ વિજયવર્ગીય અને રાકેશ સિંહે કોંગ્રેસ ઉમેદવાર મીનાક્ષી નટરાજનની ઉમેદવારી સામે સત્તાવાર લેખિત વાંધો (આપત્તિ) નોંધાવ્યો હતો. ભાજપે આરોપ લગાવ્યો હતો કે મીનાક્ષી નટરાજને પોતાના સોગંદનામામાં (એફિડેવિટ) એક ગંભીર ગુનાહિત કેસની વિગતો છુપાવી છે, જે ચૂંટણી કાયદાનું ખુલ્લું ઉલ્લંઘન છે.

આ ગંભીર આપત્તિને ધ્યાનમાં લઈને રિટર્નિંગ ઓફિસરે મીનાક્ષી નટરાજનને પોતાનો પક્ષ અને ખુલાસો રજૂ કરવા માટે મંગળવારે સાંજે ૬ વાગ્યા સુધીનો સમય આપ્યો હતો. જો કે, મીનાક્ષી નટરાજન અને તેમના કાનૂની સલાહકારો દ્વારા રજૂ કરવામાં આવેલા સ્પષ્ટીકરણથી ચૂંટણી અધિકારી સંતુષ્ટ

અનુ પાના નં.૨ પર

# જામનગર એલસીબીની લાલ આંખઃ ચાંદી બજાર વિસ્તારમાં કડક ઓટો રીક્ષા ચેકીંગ ડ્રાઈવ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના હાર્દ સમાન ગણાતા વ્યસ્ત એવા ચાંદી બજાર વિસ્તારમાં ટ્રાફિક વ્યવસ્થા જાળવવા અને સંદિગ્ધ પ્રવૃત્તિઓ પર રોક લગાવવાના હેતુથી જામનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એક વિશેષ ઓટો રીક્ષા ચેકીંગ ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ ઓપરેશન અંતર્ગત એલસીબીની ટીમે માર્ગ પરથી પસાર થતી અનેક શંકાસ્પદ રીક્ષાઓ અટકાવીને તેના જરૂરી કાગળો, લાયસન્સ અને નંબર પ્લેટની સઘન ચકાસણી હાથ ધરી હતી. તંત્ર દ્વારા અચાનક લેવાયેલા આ કડક પગલાંને પગલે નિયમભંગ કરતા રીક્ષા ચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો, જ્યારે સ્થાનિક નગરજનોએ સુરક્ષા અને ટ્રાફિક નિયમન માટેની આ કામગીરીને આવકારી હતી.

આ ચેકીંગ ડ્રાઈવ દરમિયાન એલસીબીની ટીમે મુસાફરોની સુરક્ષાને ધ્યાને રાખીને રીક્ષામાં ક્ષમતા કરતા વધુ પેસેન્જરો બેસાડતા, નિયત ભાડા કરતા વધુ રકમ વસૂલતા તેમજ ટ્રાફિકને અડચણરૂપ રીતે વાહનો પાર્ક કરતા ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઉપરાંત, ગુનાહિત પ્રવૃત્તિઓ ડામવા માટે રીક્ષા ચાલકોના આઈડેન્ટિટી પ્રૂફ

અનુ પાના નં.૨ પર

## મિડલ ઈસ્ટ યુદ્ધ વચ્ચે ભારતનો માસ્ટરપ્લાનઃ અરબ સાગરના તળિયેથી ઓમાનથી ગુજરાત સુધી નખાશે ૪0,000 કરોડની ગેસ પાઈપલાઈન

**સમય સંદેશઃ નવીદિલ્હી**

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભીષણ યુદ્ધ અને આંતરરાષ્ટ્રીય એનર્જી માર્કેટની અફરાતફરી વચ્ચે ભારતે પોતાની ઉર્જા સુરક્ષાને સદીઓ સુધી અભેદ્ય બનાવવા માટે એક ઐતિહાસિક માસ્ટરપ્લાન પર કામ તેજ કર્યું છે. દેશમાં ભવિષ્યમાં ક્યારેય ઉર્જા સંકટ ઊભું ન થાય તે માટે ભારતે દુનિયાના સૌથી પડકારજનક અને અશક્ય લાગતા 'મિડલ ઈસ્ટ-ઈન્ડિયા ડીપવાટર પાઇપલાઇન' પ્રોજેક્ટ પર પુનઃ વિચારણા શરૂ કરી છે.





આ સુપર-વ્યૂહાત્મક યોજના હેઠળ અરબ સાગરના પેટાળમાંથી સીધી ઓમાન દેશથી લઈને ભારતના ગુજરાત રાજ્ય સુધી એક વિશાળ અને મજબૂત ગેસ પાઇપલાઇન નેટવર્ક તૈયાર કરવામાં આવશે, જેનાથી ભારતની ઉર્જા નિર્ભરતા વધુ મજબૂત અને સુરક્ષિત બનશે.

વર્તમાન સમયમાં ભારત પોતાના ઉપયોગ માટેનો મોટો હિસ્સો લિક્વિડ ગેસ સ્વરૂપે ખાડી દેશોમાંથી મોટા જહાજો દ્વારા મંગાવે છે, જે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' જેવા અત્યંત સંવેદનશીલ દરિયાઈ માર્ગેથી પસાર થાય છે. પશ્ચિમ એશિયામાં સૈન્ય તણાવ સમયે આ સપ્લાય લાઇન જોખમમાં મૂકાઈ જાય છે અને ઈંધણના ભાવો રાતોરાત આસમાને પહોંચે છે.

આ આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ હેઠળ અરબ સાગરના પેટાળમાં આશરે ૨૦૦૦ કિલોમીટર લાંબી પાઇપલાઇન નાખવામાં આવશે, જેનો કેટલોક હિસ્સો સમુદ્રની સપાટીથી ૩૦૦૦ મીટર કરતાં પણ વધુ ઊંડાઈએ નેક્સ્ટ જનરેશન એન્જિનિયરિંગ ટેકનોલોજીની મદદથી ફિક્સ કરાશે. આ નવી

અનુ પાના નં.૨ પર

# વડાપ્રધાનશ્રીના ૧૨ વર્ષના સફળ કાર્યકાળ નિમિત્તે જામનગર જિલ્લામાં ૧૪ જૂન સુધી 'વિશેષ સ્વચ્છતા ઝુંબેશ'નો પ્રારંભ

### તા. ૦૮ થી ૧૪ જૂન દરમિયાન શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં જનભાગીદારી સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજનઃ 'સ્વચ્છ ગામ થકી સ્વચ્છ દેશ' ના સંકલ્પને સાકાર કરવા વહીવટી તંત્ર સજ્જ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના સફળ, ભવ્ય અને ગૌરવશાળી કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે સમગ્ર જામનગર જિલ્લામાં આગામી તારીખ ૦૫ જૂનથી ૨૧ જૂન, ૨૦૨૬ દરમિયાન વિવિધ જનકલ્યાણલક્ષી કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગરના ''સ્વચ્છ ગામ થકી સ્વચ્છ જિલ્લા, સ્વચ્છ રાજ્ય અને સ્વચ્છ દેશ'' ના સંકલ્પને સાકાર કરવા માટે જામનગર જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં તા. ૦૮/૦૬/૨૦૨૬ થી તા. ૧૪/૦૬/૨૦૨૬ દરમિયાન એક સપ્તાહ માટે ''વિશેષ સ્વચ્છતા ઝુંબેશ'' હાથ ધરવામાં આવી છે. તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના પ્રધાનમંત્રીશ્રીના ગતિશીલ નેતૃત્વ હેઠળ રાજ્યમાં વિકાસના નવા આયામો સિદ્ધ થયા છે, ત્યારે નાગરિકોના સર્વાંગી સ્વાસ્થ્ય, સુખાકારી અને ''આદર્શ ગ્રામ પંચાયત''ની વિભાવનાને ચરિતાર્થ કરવા માટે લોક-ભાગીદારી થકી આ સ્વચ્છતા અભિયાન વધુ સક્રિય, વ્યાપક અને પરિણામલક્ષી બને તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા આ વિશેષ આયોજન કરાયું છે.

આ વિશેષ સપ્તાહ અંતર્ગત વહીવટી તંત્ર દ્વારા સમગ્ર જામનગર જિલ્લામાં તારીખ વાઇઝ વૈવિધ્યસભર જાગૃતિ અને સફાઈલક્ષી કાર્યક્રમો યોજાશે. જેમાં અભિયાનના પ્રથમ દિવસે તા. ૦૮ જૂનના રોજ વિવિધ શહેરો અને ગામોમાં સાયકલ રેલી, બાઇક રેલી તેમજ પદયાત્રા દ્વારા વ્યાપક જનજાગૃતિ કેળવીને આ ઝુંબેશનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તા. ૦૯ જૂનના રોજ 'પ્લાસ્ટિક મુક્ત ગ્રામ્ય/શહેરી દિવસ' અંતર્ગત સઘન પ્લાસ્ટિક સફાઈ અભિયાન હાથ ધરી સિંગલ યુઝ પ્લાસ્ટિકના નિકાલ અંગે લોકજાગૃતિ કેળવવામાં આવી રહી છે. આગામી દિવસોમાં ચોમાસાની ઋતુને ધ્યાને રાખીને તા. ૧૦ જૂનના રોજ જિલ્લાના તમામ મહત્વના જળાશયો, તળાવો અને ખુલ્લા પ્લોટોની સફાઈ પ્રક્રિયા હાથ ધરાશે, જ્યારે તા. ૧૧ જૂનના રોજ જન આરોગ્ય સુખાકારીના ભાગરૂપે ગંદા પાણીના નિકાલની જગ્યાઓ અને

અનુ પાના નં.૨ પર

## જામનગર મ.ન.પા.ના પાંચેય પદાધિકારીઓએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી સાથે કરી મુલાકાત

### મેયરથી લઈ દંડક સુધીના તમામ પદાધિકારીઓની રાજ્યના ટોચના નેતાઓ સાથે વિશેષ પરિચય બેઠકઃ જામનગરના વિકાસ મુદ્દે થઈ ચર્ચા

**સમય સંદેશઃ ગાંધીનગર**

જામનગર મહાનગરપાલિકાના નવનિયુક્ત પાંચેય પદાધિકારીઓએ ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન જામનગર શહેરના વિકાસલક્ષી પ્રશ્નો, આગામી યોજનાઓ તેમજ મહાનગરપાલિકાના વિવિધ કાર્યો અંગે ચર્ચા કરવામાં આવી હતી.



આ વિશેષ મુલાકાત કાર્યક્રમમાં જામનગર મહાનગરપાલિકાના મેયર મોનિકાબેન વ્યાસ, ડેપ્યુટી મેયર રાકેશ ડેર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધિરેનભાઈ મોનાણી, શાસક જૂથના નેતા અમર મોદી તથા દંડક પ્રવીણાબેન રૂપડિયા ઉપસ્થિત રહ્યા હતા. પદાધિકારીઓએ ગુજરાત રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી સાથે પણ મુલાકાત કરી હતી. ઉપરાંત રાજ્યના શિક્ષણમંત્રી અને જામનગર ઉત્તર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય રિવાબા જાડેજા તેમજ જામનગર દક્ષિણ વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા. મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી દ્વારા જામનગર મહાનગરપાલિકાના નવા પદાધિકારીઓનો પરિચય મેળવવામાં આવ્યો હતો અને

અનુ પાના નં.૨ પર

## જામનગર મહાનગરપાલિકાની નવી સ્ટેન્ડિંગ કમિટી ૧૨ સભ્યોની પ્રથમ બેઠક આવતીકાલે મળશે

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી બાદ નવી રચાયેલી સ્ટેન્ડિંગ કમિટીની પ્રથમ બેઠક આવતીકાલ તા. ૧૧ જૂન, ગુરુવારે બપોરે ૧૨.૦૦ વાગ્યે સ્ટેન્ડિંગ કમિટી હોલ ખાતે યોજાનાર છે. નવા ચેરમેન ધીરેન્દ્ર મોનાણીના અધ્યક્ષસ્થાને મળનારી આ બેઠકમાં શહેરના વિકાસને લગતી અનેક મહત્વપૂર્ણ દરખાસ્તો પર વિચારણા કરવામાં આવશે. ચાર મહિનાના વિરામ બાદ મળનારી આ બેઠકમાં શહેરના વોર્ડ નં. સહિત વિવિધ વિસ્તારોમાં લોકભાગીદારીથી સીસી રોડ, સીસી બ્લોક અને અન્ય માળખાગત સુવિધાઓના કામોને મંજૂરી આપવાનો એજન્ડા સામેલ છે. ઉપરાંત રોડ સ્વીપર મશીનના ઓપરેશન અને મેન્ટેનન્સ, ઇલેક્ટ્રિક સામગ્રીની ખરીદી, કોર્પોરેશનના ભંગારના વેચાણ, ફર્નિચર ખરીદી તેમજ સ્ટ્રીટ લાઇટોની ખરીદી સંબંધિત દરખાસ્તો પણ રજૂ કરવામાં આવશે. બેઠકમાં હાલના સ્ટ્રીટ લાઇટ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટને વધુ ત્રણ મહિના માટે લંબાવવાની દરખાસ્ત પર પણ નિર્ણય લેવાશે. નવા ચેરમેન દ્વારા ચેર પરથી કેટલાક નવા વિકાસલક્ષી પ્રસ્તાવો પણ રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. આ બેઠકનું સૌથી મહત્વનું આકર્ષણ વાલસુરા રોડ પર લાઈટીંગ સુવિધા ઊભી કરવાની દરખાસ્ત રહેશે. પોલિટેકનિક નજીકના રેલવે ફાટકથી લઈને બેડી પોર્ટ જંકશન સુધી લાખો રૂપિયાના ખર્ચે રોડ લાઈટો સ્થાપિત કરવાની યોજના કમિશનર દ્વારા રજૂ કરવામાં આવી છે. મંજૂરી મળ્યા બાદ આ સમગ્ર માર્ગ પર પ્રથમ વખત આધુનિક રોડ લાઈટોની સુવિધા ઉપલબ્ધ બનશે. તાજેતરના સમયમાં વાલસુરા (બેડી બંદર) રોડ શહેરવાસીઓ માટે હરવા-ફરવા અને હવા ખાવાનું લોકપ્રિય સ્થળ બન્યું છે. ખાસ કરીને બેડી મરીન પોલીસ મથકની આસપાસ અને દરિયાકાંઠાના વિસ્તારમાં સાંજના સમયે મોટી સંખ્યામાં લોકો પહોંચતા હોવાથી લાઈટીંગની સુવિધા સ્થાનિકો માટે રાહતરૂપ સાબિત થશે.

### નવા ચેરમેન ધીરેન્દ્ર મોનાણીના અધ્યક્ષસ્થાને યોજાશે બેઠકઃ વાલસુરા રોડ પર રોડ લાઈટ સહિતના મહત્વના વિકાસ કામોને મળશે મંજૂરી

## તંત્રી સ્થાનેથી..

### ભેળસેળયુક્ત ભોજન !

આજે, દરેક વ્યક્તિ નફા દ્વારા રાતોરાત ધનવાન બનવા માંગે છે, ભલે કોઈ પોતાનો જીવ ગુમાવે, ભલે ગમે તે હોય. આ ઘટનાઓ કોઈપણ સભ્ય વ્યક્તિના કપાળ પરના કાળા ડાઘ જેવી છે. ફળોને પકવવા માટે રસાયણોના બેફામ ઉપયોગ વિશે આપણે વારંવાર સાંભળીએ છીએ. લીલા શાકભાજી અને ફળોને હાનિકારક રસાયણોથી ચમકદાર બનાવવામાં આવી રહ્યા છે. ખરેખર, ઝડપી પાક સુનિશ્ચિત કરવા માટે, ખતરનાક રસાયણોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે જે તમામ સભ્ય સમાજમાં સખત પ્રતિબંધિત છે. છતાં, આપણા દેશમાં હજુ સુધી એવી નિયમનકારી વ્યવસ્થા વિકસાવવાની બાકી છે જે આવા કેસોની તાત્કાલિક તપાસ કરે અને ભેળસેળ કરનારાઓને સજા કરે. વિડંબના એ છે કે, આપણા સમાજમાં ન તો સ્વૈચ્છિક સંસ્થાઓ કે ન તો સભાન વ્યક્તિઓ આ ગંભીર કટોકટી પ્રત્યે સંવેદનશીલ છે. સરકાર અને વહીવટીતંત્રને પૂછવું જોઈએ કે દરેક શહેરમાં ભેળસેળયુક્ત માલનું પરીક્ષણ કરવા માટે પ્રયોગશાળાઓ સરળતાથી કેમ ઉપલબ્ધ નથી. તપાસ માટે જવાબદાર વિભાગોના અધિકારીઓ કેમ ચૂપ રહે છે? દિવાળી અને અન્ય તહેવારો દરમિયાન જાહેર આક્રોશ ઠારવા સરકાર કેટલાક નાના-નાના મીઠાઈ બનાવનારાઓ સામે કાર્યવાહી કરે છે, પરંતુ મોટી માછલીઓ સહીસલામત છટકી જાય છે. શું આ અધિકારીઓનું મૌન આશાસ્પદ છે? એ કોઈ રહસ્ય નથી કે આ આકર્ષક હોદ્દાઓ વ્યાપક લાંચ દ્વારા ઘેરાયેલા છે. રાજકારણીઓથી લઈને અધિકારીઓ સુધી, તેઓ પૈસા મેળવ્યા પછી જ આરામદાયક જીવનનો આનંદ માણે છે. પછી, તેઓ પણ તેમની નિમણૂકોમાં કરેલા રોકાણને વસૂલવાનું શરૂ કરે છે. અસરકારક સિસ્ટમ વિકસાવ્યા વિના આ નાપાક વ્યવસાયને કાબુમાં લેવાનું અશક્ય છે. આપણે જાણીએ છીએ કે દેશમાં સીસીટીવી કેમેરાનો ઉપયોગ વધ્યો હોવાથી, અસંખ્ય સત્ય બહાર આવ્યા છે. નહિંતર, આ સત્ય ક્યારેય બહાર આવ્યા ન હોત. આવી અસરકારક ટેકનોલોજી ભેળસેળ અટકાવી શકત. તાજેતરમાં, જયપુરના ફૂડ સેફ્ટી વિભાગે પેકેજડ ખાદ્ય પદાર્થો પર સમાપ્તિ તારીખ ભૂંસી નાખતા અત્યાધુનિક ઉપકરણો શોધી કાઢ્યા છે.



## હાલારના હાલહવાલ



# દ્વારકા-ઓખા વિસ્તારમાં પીજીવીસીએલ દ્વારા વહીવટી પુનર્ગઠન, ૩ નવા પેટા વિભાગો કાર્યરત

**સમય સંદેશઃ દ્વારકા (બુધાભા ભાટી દ્વારા)**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) દ્વારા દ્વારકા અને ઓખા વિભાગના વીજ ગ્રાહકોની સુવિધા, કાર્યક્ષમતા અને વીજ સેવાઓમાં વ્યાપક સુધારો કરવાના આશયથી ગ્રાહક પુનર્ગઠન (Restructuring) કરવામાં આવ્યું છે. આ નવો બદલાવ ૧ જૂન, ૨૦૨૬થી અમલમાં આવી ગયો છે. કાર્યપાલક ઈજનેર (દ્વારકા વિભાગીય કચેરી) ના જણાવ્યા મુજબ, સમગ્ર વિસ્તારની ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખીને ગ્રાહકોની સુવિધા માટે ૩ (ત્રણ) નવા પેટા-વિભાગો (Sub-divisions) કાર્યરત કરવામાં આવ્યા છે. ગ્રાહકો પોતાની વીજળી સંબંધિત પૂછપરછ, નવા જોડાણો કે ફરિયાદો માટે પોતાના વિસ્તાર મુજબ નીચે દર્શાવેલ પેટા-વિભાગીય કચેરી અને સંપર્ક નંબરો પર સંપર્ક કરી શકશે.

મહત્વનું છે કે, તમામ વીજ ગ્રાહકોને નમ્ર અપીલ છે કે વીજળી સંબંધિત કોઈપણ પ્રશ્નો, નવા કનેક્શન કે ફરિયાદ માટે માત્ર પોતાના વિસ્તારને લાગુ પડતી પેટા-વિભાગીય કચેરીનો જ સંપર્ક કરવો. આ વહીવટી પુનર્ગઠનથી ગ્રાહકોની સેવાઓ વધુ ઝડપી અને સુદ્રઢ બનશે.

**દ્વારકા શહેર પેટા-વિભાગ**

આ પેટા-વિભાગ હેઠળ દ્વારકા નગરપાલિકા સીમા હેઠળના તમામ વિસ્તારોનો સમાવેશ થાય છે. ગ્રાહકો ફરિયાદ કેન્દ્રના નંબર ૦૨૮૯૨-૨૩૪૦૫૪, ૯૬૮૬૭૩૫૫૮ પર સંપર્ક કરી શકે છે. આ ઉપરાંત, નાયબ ઈજનેરનો સંપર્ક નંબર ૯૮૭૯૨૦૧૮૪૧ અને જુનિયર ઈજનેરનો નંબર ૯૦૯૯૯૦૭૯૩૨ રહેશે.

**દ્વારકા ગ્રામ્ય પેટા-વિભાગ**

આ નવી કચેરીનું સરનામું હોટેલ મીરાની સામે, દ્વારકા વિભાગીય કચેરીની બાજુમાં, દ્વારકા રાખવામાં આવ્યું છે. આ વિભાગ હેઠળ અણિયારી, ભીમરાણા, લોવરાલી, શામળાસર, બરડીયા, ગઢેચી, મકનપુર, નવી ધેવાડ, ચરકલા, ગોરીયારી, માઢીકી, હમુસર, ધરાસણવેલ, મોજપ, મોટા ભાવડા, ટુપણી, ગોરીંજા, મુળવેલ, મુળવાસર, વાચ્છુ, જૂની ધેવાડ, પાડલી, નાગેશ્વર, વરવાળા, કલ્યાણપુર, પોશીત્રા, નાના ભાવડા, વસઈ, ખાતુંબા, બાટીસા, કોરાડા અને રાગાસર જેવા ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ થાય છે. અહીંના ગ્રાહકો ફરિયાદ માટે ૦૨૮૯૨-૨૩૪૦૫૫ / ૬૨૧૩૦૯૮૧૪૦ પર સંપર્ક કરી શકશે. જ્યારે નાયબ ઈજનેર માટે ૬૨૧૩૦૦૭૬૩૦ અને જુનિયર ઈજનેર માટે ૬૨૧૩૦૦ boyhood ૭૬૪૦, ૬૨૧૩૦ ૦૭૬૩૮ પર સંપર્ક કરવાનો રહેશે.

**ઓખા શહેર પેટા-વિભાગ**

આ પેટા-વિભાગ અંતર્ગત બેટ દ્વારકા, આરંભડા, સુરજકરાડી, અને દેવપરા સહિત ઓખા નગરપાલિકાના તમામ વિસ્તારોનો સમાવેશ થાય છે. ગ્રાહકો સુવિધા અને ફરિયાદ માટે ૦૨૮૯૨-૨૫૨૦૦૬, ૬૩૫૫૬ ૬૩૧૪૩ પર સંપર્ક કરી શકે છે. તેમજ નાયબ ઈજનેર માટે ૯૮૭૯૨૦૧૮૫૧ અને જુનિયર ઈજનેર માટે ૯૯૨૫૨૧૦૧૦૩, ૯૯૨૫૨૧૦૦૯૨ નંબર જાહેર કરવામાં આવ્યા છે.

# જામનગરના મહિલાને બદનામ કરતો વિડિયો વાયરલઃ કોટડા સાંગાણીના શખ્સ સામે રાવ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ચદિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતી એક યુવતીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ગત ૧૫ ફેબ્રુઆરીના રોજ સોશિયલ મીડિયા પર રીલ્સ જોતી વખતે તેમને પોતાના ફોટોગ્રાફ્સનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલ એક વીડિયો જોવા મળ્યો હતો. આ વીડિયોમાં રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી વિસ્તારના મનસુખ ગોવિંદભાઈ રાઠોડનો ફોટો તેમજ ફરિયાદીના ફોટોગ્રાફ્સ સાથે લખાણ ઉમેરીને એડિટિંગ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે.

ફરિયાદ અનુસાર વીડિયોમાં તેમની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેવું અને બદનામી થાય તેવા શબ્દો તથા ઉશ્કેરણીજનક લખાણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ વીડિયો યુટ્યુબ ચેનલ ''ધ વાયરલ વોઈસ ૬૨૬૪૨'' પર અપલોડ કરીને વાયરલ કરવામાં આવ્યો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.

મહિલાએ આરોપ મૂક્યો છે કે તેમની મંજૂરી વગર ફોટોગ્રાફ્સ મેળવી તેનો ઉપયોગ કરીને સોશિયલ મીડિયા મારફતે તેમની બદનામી કરવામાં આવી છે. બનાવ અંગેની પેન ડ્રાઈવ સહિતની સામગ્રી પોલીસને સોંપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રણજીતસાગર-સમાણા રોડ મગરમચ્છની પીઠ સમાન



**સમય સંદેશઃ જામનગર**

જામનગર લાલપુર બાયપાસ થી રણજીતસાગરથી સમાણા તરફના સુધીનો માર્ગ અત્યંત ખરાબ હાલતમાં છે માર્ગ ઉપર અનેક ગામના લોકોની અવર-જવર રહે છે. ખરાબ રોડ અંગે અનેકવાર રજૂઆત કરવામાં આવી છે. પરંતુ ખરાબ રસ્તાના કારણે વારંવાર અકસ્માતો થાય છે. લાલપુર તાલુકા પંચાયતના સભ્ય હીનાબેન દરવરાએ મ્યુનિ. કમિશનરને પત્ર પાઠવી આ ખરાબ રોડનું નિવારવાના હેતુથી સત્વરે રજૂઆત કરી છે કે, આ માર્ગની મરામત કરવી બાયપાસથી રણજીતસાગર જરૂરી છે. અનેક ગામોને જોડતો મુખ્ય લાંબા સમયથી ખરાબ હાલતમાં છે જેને લીધે આ રોડ ઉપર પસાર થતા વાહનચાલકો ભારે ત્રાહીમામ પોકારી ઉઠે છે. આ રોડનું મરામતનું કામ ક્યારે હાથ ધરશે?

# મહાનગરપાલિકાની જન્મ-મરણ શાખાના કૌભાંડ અંગે કમિશનરનો તપાસનો આદેશ

જામનગર મહાપાલિકાની જન્મ-મરણ દાખલામાં કૌભાંડ ચાલી રહ્યા હોવાના આક્ષેપ બાદ મ્યુ.કમિશનર દીપેશ કેડીયાએ આ અંગે ડી.એમસીને તાત્કાલિક તપાસ કરવા સુચના આપતા કેટલાક એજન્ટો કોર્પોરેશનના પટાંગણમાંથી ભાગીગયા હતા. અવાર નવાર એજન્ટો લોકોને લુંટતા હોવાની ફરિયાદો ઉઠી છે, હવે તપાસ કેવી રીતે થાય છે તે જોવાનું રહ્યું, એજન્ટ પ્રથા તો વર્ષોથી ચાલી રહી છે, અધિકારીઓ અને નગરસેવકોને ખબર છે પણ કોઈ પગલા લેવાતા નથી. મહાનગરપાલિકાના પટાંગણમાં આ પ્રકારના એજન્ટો બેઠા હોય છે અને જન્મ કે મરણનો દાખલો કઢાવવા માટે આવા વચેટીયાઓ ગરીબ અરજદાર પાસેથી વધુ પૈસા લઈને કામ કરતા હોય છે અને કેટલીકવાર એવું પણ બને છે. કે એજન્ટ ન રાખો તો કામ થતું નથી, લોકોની અવાર નવાર ફરિયાદ હતી કે તાત્કાલિક આવા એજન્ટોને કોર્પોરેશનના પટાંગણમાંથી દુર કરવા જોઈએ. હવે મહાનગરપાલિકાના કમિશનરે તપાસનો આદેશ આપ્યો છે ત્યારે કાયમી એજન્ટ પ્રથા કે જે લોકોને લુંટે છે આવા લોકોને પટાંગણમાંથી દુર કરવા માંગણી છે.

# જી.જી.હોસ્પિટલમાંથી વૃદ્ધ મહિલાનો મૃતદેહ મળ્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની જીજીમાંથી બિનવારસુ વૃદ્ધ મહિલાનો મૃતદેહ મળી આવતા પોલીસે મોતની નોંધ કરી વાલી-વારસદાર ની શોધ ખોળ હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, અંદાજે ૭૦ વર્ષીય મહિલા, જેનું નામ નીરુબેન લીલાધર કપટા હોવાનું જાણવા મળેલ છે, તેઓ હર્ષદ મિલ કમ્પાઉન્ડ, જાગૃતિ કોલોની, બ્લોક નં. ૦૩, રૂમ નં. ૧૪૩, જામનગર ખાતે રહેતા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. મહિલાને કોઈ બીમારી સબબ સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તપાસ કરતા તેમનું મૃત્યુ થયાનું જાહેર કર્યું હતું. મૃતક મહિલાના કોઈ વાલી-વારસ કે સંબંધીઓ હજુ સુધી મળી આવ્યા નથી. તેથી જામનગર સીટી બી. ડિવિઝન પોલીસ દ્વારા મૃતકના પરિવારજનો, સગા-સંબંધીઓ અથવા ઓળખાણ ધરાવતા વ્યક્તિઓને આગળ આવવા અનુરોધ કરવામાં આવ્યો છે. મૃતક અંગે કોઈ માહિતી હોય અથવા તેમના વાલી-વારસ અંગે જાણકારી હોય તો જામનગર સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનઃ ૬૩૬૯૬ ૨૯૩૫૩ અથવા તપાસ અધિકારી એસ. જી. કેશવાલાઃ ૬૩૫૩૨ ૩૮૭૯૭ / ૯૮૭૦૦ ૬૬૯૨૮ નો સંપર્ક કરવા જાહેર જનતાને અપીલ કરાઈ છે.

# ૧૦ હજારની ઉઘરાણીના મુદ્દે યુવાન ઉપર સસરા અને સાળાનો હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના કાલાવાડ નાકા બહાર સિલ્વર પાર્ક સોસાયટીમાં રહેતા ફરિયાદી મહમદસલમાનખાન આરિફહુસેન ગુર્જર ઉર્ફે પઠાણ (ઉ.વ. ૩૫) એ કરેલી ફરિયાદ મુજબ, તેઓએ વર્ષ ૨૦૨૧ દરમિયાન પોતાના સસરા રફીકભાઈ કથીરી પાસેથી રૂપિયા ૧૦ હજાર ઉધાર લીધા હતા. ગત રાત્રે પત્ની અલમાઝ પોતાના માતા-પિતા સાથે વીડિયો કોલ પર વાત કરી રહી હતી ત્યારે ઉધારની રકમ અંગે પતિ-પત્ની વચ્ચે બોલાચાલી થઈ હતી. આ વાત વીડિયો કોલમાં સાંભળતા સસરા રફીકભાઈ કથીરી ઉશ્કેરાઈ ગયા હતા અને ફરિયાદીના ઘરે પહોંચી ગયા હતા.

ફરિયાદી પોતાના રૂમમાં હતા ત્યારે સસરાએ કોઈ બોથડ પદાર્થ વડે કપાળના ભાગે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ તેમને ખેંચી અગાશીમાં લઈ જઈ ઝાપટા તેમજ ઢીકાપાટુનો માર માર્યો હતો. પરિવારના સભ્યો વચ્ચે પડતા વધુ મારામારી અટકાવવામાં આવી હતી.થોડીવાર બાદ ફરિયાદીના સાળા મુસ્તકીમ ઉર્ફે જાબીર કથીરી પણ સ્થળ પર આવી પહોંચ્યા હતા અને ફરિયાદીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

# આજે ખંભાળીયામાં ૬ કલાકનો વિજકાપ

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા પીજીવીસીએલ દ્વારા પ્રિ-મોનસુન કામગીરી અને વીજ લાઈનના જરૂરી સમારકામની કામગીરીના હેતુથી ખંભાળિયા શહેરના નગર ગેઈટ ફીડર હેઠળના નગર ગેઈટ, તાલુકા પંચાયત, પોસ્ટ ઓફિસ રોડ, શારદા સિનેમા રોડ, રાજડા રોડ, સતવારા વાડ, શહીદ ભગતસિંહ ચોક, બંગલા વાડી, ગાયત્રીનગર, જલારામ મંદિર, શિરૂવાડી, બજાણા રોડ, વિગેરે વિસ્તારોમાં આજ બુધવાર તા. ૧૦ જૂનના રોજ સવારે ૭ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રહેનાર હોવાનું પીજીવીસીએલ સૂત્રોની એક યાદીમાં જણાવાયું છે.

## અનુસંધાન

### બાઈક સ્ટંટ

(પાના નં. ૪ થી આગળ)

છે કે સહેજ પણ સંતુલન ગુમાવવાથી મોટો અકસ્માત સર્જાઈ શકે છે. આ જોખમી સ્ટંટબાજીને કારણે સ્થાનિક લોકો અને વાહનચાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે. તેઓ જામનગર પોલીસ પાસે આ વીડિયોના આધારે બાઇકના નંબર શોધીને સ્ટંટ કરનાર યુવક સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માગ કરી રહ્યા છે.

### જર્જરીત ઈમારત

(પાના નં. ૪ થી આગળ)

વિસ્તારમાં આવેલ કસ્ટમ હાઉસનું જૂનું મકાન તેમજ જામના ડેરા પાસે આવેલી મહાનગરપાલિકાની બે જૂની કચેરીઓને પણ અતિ જર્જરિત જાહેર કરવામાં આવી છે. ઓધવરામ એપાર્ટમેન્ટ સહિત કેટલાક બાંધકામોને તાત્કાલિક અસરથી ખાલી કરાવી દેવામાં આવ્યા છે તથા સુરક્ષાના ભાગરૂપે પાણીના જોડાણો પણ કાપી નાખવામાં આવ્યા છે. હાલ તમામ ઈમારતો વપરાશમુક્ત કરવામાં આવી છે.

### બાળકને હડફેટે

(પાના નં. ૩ થી આગળ)

ચાલક વિજયસિંહ વાઘેલા સામે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તા.૨/૪/૨૦ ના આરોપી બાઈક ચાલક ની ધરપકડ કરી હતી. આ કેસ અદાલતમાં ચાલી જતાં અદાલતે સરકારી વકીલ દીનાબેન ત્રિવેદી ની રજુઆતો, મેડિકલ પુરાવાઓ માન્ય ગણીને આરોપી વિજયસિંહ વાઘેલા ને તકસીરવાન ઠેરવી ને ૧ વર્ષ ની સાદી કેદ અને રૂ.૧૫૦૦ના દંડ નો હુકમ કર્યો છે.

### પડતર પ્રશ્નો અંગે

(પાના નં. ૩ થી આગળ)

બેઠકમાં શિક્ષણ વિભાગના સંબંધિત અધિકારીઓ તેમજ ઉપરોક્ત સંગઠનના હોદ્દેદારો પ્રાથમિક અને માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક સમય ૧૩:૦૦ થી ૧૪:૩૦ કલાકે, પીએમ પોષણ યોજના ૧૫:૩૦ થી ૧૬:૦૦ કલાકે,ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ ૧૬:૦૦ થી ૧૭:૦૦ કલાકે દરમ્યાન યોજાશે. આ મિટિંગમાં જામનગરના શિક્ષકોના પ્રતિનિધિઓ પણ ભાગ લેવા જશે.

### મુખ્યમંત્રી સાથે કરી મુલાકાત

(પાના નં. ૧ થી આગળ)

શહેરના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર તરફથી જરૂરી સહયોગ આપવાની હકારાત્મક ભાવના વ્યક્ત કરવામાં આવી હતી. વિવિધ મંત્રીઓ અને ધારાસભ્યો સાથે યોજાયેલી પરિચય બેઠકમાં જામનગરના વિકાસલક્ષી પ્રકલ્પો, શહેરી સુવિધાઓના વિસ્તરણ તથા જનહિતના કાર્યોને વધુ ગતિ આપવા અંગે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. જામનગર મહાનગરપાલિકાના પાંચેય પદાધિકારીઓ માટે આ મુલાકાત રાજ્યના વરિષ્ઠ નેતૃત્વ સાથે સંકલન સ્થાપિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ બની રહી હતી. મુલાકાત દરમિયાન સૌહાર્દપૂર્ણ વાતાવરણ વચ્ચે શહેરના વિકાસ અને પ્રજાહિતના મુદ્દાઓને પ્રાથમિકતા આપવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

### 'વિશેષ સ્વચ્છતા ઝુંબેશ'નો પ્રારંભ

(પાના નં. ૧ થી આગળ)

ડ્રેનેજ/ગટર વ્યવસ્થાની સફાઈ કરવામાં આવશે. આ જ રીતે તા. ૧૨ જૂનના રોજ સ્થાનિક રહીશોના સહયોગથી તમામ શેરીઓ, મહોલ્લાઓ અને મુખ્ય માર્ગોની સફાઈ કરાશે તથા તા. ૧૩ જૂનના રોજ જિલ્લાની તમામ સરકારી કે જાહેર સંસ્થાઓ, શાળાઓ, ધાર્મિક સ્થળો અને પ્રવાસન સ્થળોએ શ્રમદાન દ્વારા વ્યાપક સફાઈ અભિયાન ચલાવવામાં આવશે. આ વિશેષ ઝુંબેશના અંતિમ દિવસે એટલે કે તા. ૧૪ જૂનના રોજ નાગરિકોને સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવશે તેમજ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ (ઘન કચરા વ્યવસ્થાપન) ના નિયમો અંગે વિગતવાર જાણકારી આપી જાગૃત કરવામાં આવશે.

રાજ્યના નાગરિકો, જનપ્રતિનિધિઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના પદાધિકારીશ્રીઓ તેમજ કર્મયોગીઓ પરસ્પર સક્રિય સહયોગ આપી આ મહા-અભિયાનને સંપૂર્ણ સફળ બનાવે તે માટે જિલ્લા કલેક્ટર શ્રી પી.બી.પંડ્યા દ્વારા જામનગર જિલ્લાના તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને તેમના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં આ તમામ કાર્યક્રમોનું સુચારુ સંચાલન અને દેખરેખ રાખવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. જામનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના તમામ નાગરિકોને આ ગૌરવશાળી સ્વચ્છતા ઝુંબેશમાં ઉત્સાહભેર જોડાવવા અને પોતાના ગામ કે શહેરને સ્વચ્છ-સુઘડ રાખવા માટે નમ્ર અપીલ કરવામાં આવી છે.

### રીક્ષા ચેકીંગ ડ્રાઈવ

(પાના નં. ૧ થી આગળ)

અને વાહનના અસલી દસ્તાવેજોની પણ બારીકાઈથી તપાસ કરવામાં આવી હતી, જેને પગલે સમગ્ર ચાંદી બજાર અને આસપાસના બજારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બની છે.

### પરમાણુ હથિયાર

(પાના નં. ૧ થી આગળ)

એકત્રીકરણ કરતું હતું, પરંતુ હવે બદલાતી સુરક્ષા ચિંતાઓને ધ્યાને રાખીને કેટલાક વોરહેડને મિસાઇલ સિલો અને પરમાણુ સબમરીન પર શાંતિકાળ દરમિયાન પણ લોન્ચર સાથે તૈયાર રાખવામાં આવી રહ્યા છે. આ પગલાથી ભારતની હવાઈ, જમીન અને દરિયાઈ 'પરમાણુ ત્રિપુટી' પહેલા કરતા વધુ મજબૂત અને સજ્જ બની છે.

SIPRIના રિપોર્ટ અનુસાર, જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં ભારત પાસે પરમાણુ શસ્ત્રોનો ભંડાર વધીને આશરે ૧૯૦ પર પહોંચી ગયો છે, જે પાછલા વર્ષોની સરખામણીએ નોંધપાત્ર વધારો દર્શાવે છે. આ આધુનિકીકરણ પાછળનું મુખ્ય કારણ સરહદી તણાવ અને પ્રાદેશિક સુરક્ષા છે, જેમાં મે ૨૦૨૫ દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા ટૂંકા પરંતુ ગંભીર લશ્કરી સંઘર્ષનો પણ ઉલ્લેખ કરાયો છે. ભારત પોતાની સૈન્ય શક્તિને સતત આધુનિક બનાવી રહ્યું છે અને વર્ષ ૨૦૨૫ માં ૯૨.૧ અબજ યુએસ ડોલરના જંગી સંરક્ષણ બજેટ સાથે ભારત વિશ્વમાં સૌથી વધુ લશ્કરી ખર્ચ કરનારો પાંચમો મોટો દેશ બની ગયો છે.

બીજી તરફ, પડોશી દેશ પાકિસ્તાન પાસે હાલમાં આશરે ૧૭૦ પરમાણુ શસ્ત્રો હોવાનો અંદાજ છે અને તે આગામી દાયકામાં પોતાના પરમાણુ ભંડારને વધારવા માટે સતત નવી શસ્ત્ર પ્રણાલીઓ વિકસાવી રહ્યું છે.

### મિડલ ઈસ્ટ યુદ્ધ વચ્ચે

(પાના નં. ૧ થી આગળ)

સિસ્ટમથી કોઈપણ પ્રક્રિયા કે રોકટોક વિના કુદરતી ગેસ સીધો જ પાઇપલાઇન દ્વારા ભારત આવી પહોંચશે અને ગેસને લિક્વિડમાં બદલવાની પરંપરાગત જટિલ પ્રોસેસનો કાયમી અંત આવશે.

દરિયાની અંદરથી ભારત સુધી સીધો ગેસ લાવવાનો આ આઈડિયા આશરે ૩૦ વર્ષ જૂનો છે, પરંતુ તે સમયે મર્યાદિત ટેકનોલોજી અને પ્રોજેક્ટના વિશાળ ખર્ચના કારણે આ યોજના પર મંજૂરીની મહોર વાગી શકી નહોતી. ત્રણ દાયકા પહેલાં સમુદ્રની આટલી ભયાનક ઊંડાઈમાં પાઇપલાઇન નાખવી અને તેનું મેન્ટેનન્સ કરવું આર્થિક રીતે ભારે નુકસાનકારક લાગતું હતું.

જો કે, વર્તમાન સમયની આધુનિક ટેકનોલોજી અને ગ્લોબલ એનર્જી ક્રાઈસિસને જોતા ભારતે આ ભગીરથ પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે કમર કસી છે. પ્રારંભિક સત્તાવાર અંદાજો મુજબ, આ મેગા પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે અંદાજે ૪૦,૦૦૦ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ થવાની સંભાવના છે, જે ભવિષ્યમાં ભારતના વિકાસની ગતિને અવિરત ચાલુ રાખશે.

### કોંગ્રેસને મોટો ઝટકો

(પાના નં. ૧ થી આગળ)

થયા નહોતા, જેના પરિણામે જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની સંબંધિત કલમો હેઠળ તેમનું નામાંકન સત્તાવાર રીતે રદ કરવામાં આવ્યું હતું. સત્તાવાર કાનૂની દસ્તાવેજો અનુસાર, આ આખો વિવાદ વર્ષ ૨૦૨૫ માં નોંધાયેલી એક ફરિયાદ સાથે જોડાયેલો છે. ૨૦ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ એ. શ્રીલતા નામની મહિલાએ હૈદરાબાદની મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં મીનાક્ષી નટરાજન (આરોપી નંબર-૪) અને અન્ય કેટલાક લોકો વિરુદ્ધ એક ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી. આ ફરિયાદના આધારે મીનાક્ષી નટરાજન અને અન્ય આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા (ઇગજ) ની વિવિધ કલમો જેમ કે ૩૫૬, ૬૧, ૪૫, ૪૬, ૩૫૧(૨), ૩(૫) અને ૭૯ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

મામલાની ગંભીરતાને જોઈને હૈદરાબાદ કોર્ટે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ મીનાક્ષી નટરાજનને સમન્સ (નોટિસ) જારી કરીને કોર્ટમાં રૂબરૂ હાજર થઈ જવાબ આપવા આદેશ કર્યો હતો. ત્યારબાદ, મીનાક્ષી નટરાજન વતી તેમના વકીલે ૨૪ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ કોર્ટમાં કાઉન્ટર એફિડેવિટ દાખલ કરી હતી, જેમાં તેમણે આ આક્ષેપોને રાજકીય દ્વેષથી પ્રેરિત ગણાવીને કેસ રદ કરવા માંગ કરી હતી.

જો કે, કોર્ટે ૧૭ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ આ કેસને ફગાવવાનો ઇનકાર કરીને તેની સામે નિયમિત સુનાવણી (ટ્રાયલ) શરૂ કરવાનો આદેશ આપ્યો હતો. આ કેસ હાલમાં પણ કોર્ટમાં પેન્ડિંગ (વિચારાધીન) છે, જેની માહિતી મીનાક્ષી નટરાજને રાજ્યસભાના ફોર્મમાં આપી નહોતી.

# ખંભાળીયાના સોમારડી ગામે બીમારીથી કંટાળી જઈને વૃદ્ધે ગળાફાંસો ખાધો

## ખંભાળિયા નજીક ખાનગી કંપનીમાં દાઝી ગયેલા યુવાનનું મૃત્યુ

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના સોનારડી ગામે રહેતા પ્રભાતસંગ કશરાજી જાડેજા નામના ૬૬ વર્ષના વૃદ્ધને છેલ્લા આશરે ૨૫ વર્ષથી ડાયાબિટીસ અને હૃદયરોગની બીમારી હતી. આ બીમારીથી કંટાળીને તેમણે ગઈકાલે સોમવારે પોતાની વાડીએ લાઈટના થાંભલામાં લાઈટના કેબલ વડે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના પુત્ર લખુભા પ્રભાતસંગ જાડેજાએ અહીંની પોલીસને કરી છે.

ખંભાળિયા - જામનગર હાઈવે પર આવેલી એક ખાનગી કંપનીમાં સોમવારે લાલપુર તાલુકાના મીઠોઈ ગામના સિધ્ધરાજસિંહ ઓઘુભા જાડેજા નામના ૩૩ વર્ષના યુવાન એક પેટા કંપનીના વિસ્તારમાં લાઈન બંધ કરવાનું કામ કરી રહ્યા હતા. ત્યારે મેઈન લાઈનનું ઢાંકણું ખોલવા જતા અકસ્માતે એકાએક સ્ટીમ વરાળ નીકળી હતી. જેથી કારણે તેઓ આખા શરીરને ગંભીર રીતે દાઝી ગયા હતા. જેના કારણે તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના મોટાભાઈ ઘનશ્યામસિંહ ઓઘુભા જાડેજા (ઉ.વ. ૪૫, રહે. મીઠોઈ) એ ખંભાળિયા પોલીસને કરી છે.

# છોટી કાશીના પ્રાચીન શ્રી ત્રિકમરાયજી મંદિરમાં ૫૫૧ દીવડાઓની દિવ્ય મહાઆરતી





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

પુરૂષોત્તમ માસના પાવન અવસરે જામનગરના આણંદબાવા ચકલા વિસ્તારમાં આવેલ પ્રાચીન અને પૌરાણિક શ્રી ત્રિકમરાયજી મંદિરમાં ભવ્ય ધાર્મિક મહોત્સવનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન મંદિર પરિસરમાં ભક્તિ, આસ્થા અને વૈદિક પરંપરાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. ધાર્મિક કાર્યક્રમની શરૂઆત ભગવાન શ્રી ત્રિકમરાયજીના ચરણોમાં પૂજન-અર્ચન અને વંદના સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે જ્ઞાતિના મહિલા અને પુરુષ સભ્યો દ્વારા સામૂહિક રીતે શ્રીસૂક્તમ અને પુરુષસૂક્તમના કુલ ૫૫૧ પાઠનું પઠન કરવામાં આવ્યું હતું. દરેક પાઠકે ૧૧ પાઠના સંકલ્પ સાથે ભાગ લીધો હતો, જેના પરિણામે ૫૫૧ પાઠ પૂર્ણ થતાં સમગ્ર સમાજને આ પુણ્યમય અનુષ્ઠાનનો લાભ પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમની વિશેષ આકર્ષણરૂપે ૫૫૧ દીવડાઓની દિવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ શ્રદ્ધાળુઓના હાથે દીપ પ્રજ્વલિત કરવામાં આવ્યા હતા અને ૧૧ દીવડાઓની આરતી કરવાનો અલભ્ય અવસર પણ આપવામાં આવ્યો હતો. જેમા મોટી સંખ્યામા શ્રી ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિનુ લોકો સહભાગી થયા હતા, તેમજ મોટી સખ્યામાં શ્રધ્ધાળુઓ હાજર રહ્યા હતા. સેંકડો દીવડાઓના તેજસ્વી પ્રકાશથી સમગ્ર મંદિર પરિસર ઝળહળી ઉઠ્યું હતું. ''જય દ્વારકાધીશ''ના ગુંજતા જયઘોષ વચ્ચે સર્જાયેલ ભક્તિમય વાતાવરણ દરેક શ્રદ્ધાળુ માટે યાદગાર બની રહ્યું હતું. આયોજન સમિતિ દ્વારા પાઠ માટે જરૂરી પુસ્તિકાઓ, દીવડાઓ તેમજ અન્ય તમામ વ્યવસ્થાઓ મંદિર ખાતે જ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જેના કારણે શ્રદ્ધાળુઓએ સરળતાથી કાર્યક્રમમાં સહભાગી બની શક્યા હતા. મંદિરના ટ્રસ્ટી ધીરજલાલ જોશી અને કોકિલાબેન જોશીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ભારતીય સંસ્કૃતિ, વૈદિક પરંપરા અને સામૂહિક ઉપાસનાનું સુંદર દર્શન થયું હતું. ત્રિકમરાયજી મંદિરમાં વર્ષ દરમિયાન વિવિધ વ્રત-પર્વ અને ધાર્મિક તહેવારો નિમિત્તે આવા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું રહે છે, જે સમાજમાં ધાર્મિક જાગૃતિ અને સાંસ્કૃતિક મૂલ્યોના સંવર્ધનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મહાઆરતી પૂર્ણ થયા બાદ ઉપસ્થિત ભક્તજનો માટે પ્રસાદ અને અલ્પાહારની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન આધ્યાત્મિક ઉર્જા, ભક્તિભાવ અને સામૂહિક એકતાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. ''કલીયુગ કેવલ નામ આધાર''ની ભાવનાને સાર્થક કરતાં સમાજના સર્વાંગી કલ્યાણ, સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે આ આયોજન કરવામાં આવ્યું હોવાનું આયોજકો દ્વારા જણાવાયું હતું. આ ભવ્ય ધાર્મિક મહોત્સવે જામનગરના ધાર્મિક અને સાંસ્કૃતિક જીવનમાં નવી ચેતના અને ઉર્જાનો સંચાર કર્યો હોવાનું ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ વ્યક્ત કર્યું હતું.

## જામનગરમાં એફઆરસી નિયમોની ચુસ્ત અમલવારી માટે એબીવીપીનું આવેદન



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

ફી રેગ્યુલેટરી કમિટી કેટલાય વર્ષોથી અસ્તિત્વમાં છે પણ નિયમોની છટકબારીનો લાભ લેવામાં કેટલાય ખાનગી શાળાઓના સંચાલકો પાવરધા છે જેને કારણે સીધું જ નુકશાન વાલીઓને થઈ રહ્યું છે.

ત્યારે હવે રહી રહી ને આ મામલે જામનગર અઇટઙ પણ મેદાને આવ્યું છે અને આજે જીલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે આ એફઆરસીના નીયમોની ચુસ્ત અમલવારી કરવાની માંગ કરી છે. જીલ્લા શિક્ષણાધિકારી ને સંબોધીને કરવામાં આવેલ આરજૂઆત કહે છે કે ફી રેગ્યુલેટરી કમિટી ના માધ્યમ થી જે ફી ધોરણ નક્કી કરેલું હોય છે એ માત્ર કાગળ પર સીમિત છે જેનું કોઈ અમલીકરણ થયું નથી બધી જ પ્રાઈવેટ સ્કૂલોમાં એફઆરસી ના નિયમોનું ચોક્કસ અમલીકરણ થતું નથી, ઘણી પ્રાઇવેટ સ્કૂલો એફઆરસીનો ઉપયોગ કરી વધારે ફી રહ્યા છે .

જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓ વધારે ફી ભરી ને ઘણી મુશ્કેલીઓ થી લડવું પડી રહ્યું છે. જેથી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે જામનગરની તમામ ખાનગી શાળાઓમાં એફઆરસી નું ચોક્કસ અમલીકરણ કરવા માંગ કરી છે, જો આવનારા ૭ દિવસ ની અંદર એફઆરસી ના નિયમોનું ચોક્કસ અમલીકરણ ન થાય તો અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એફઆરસી ના નિયમોનો ઉલાળિયો કરનાર શાળાઓ પર પહોચી ઉગ્ર આંદોલન કરશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

## નાગરિકો સાથે મુલાકાત કરતા શિક્ષણમંત્રી જાડેજા



તસવીરઃ હિરેન ગાંધી



રાજ્યના શિક્ષણમંત્રી રિવાબા જાડેજા જામનગર સર્કિટ હાઉસ ખાતે નાગરિકો સાથે મુલાકાત કરી હતી. શહેરીજનોની રજૂઆતો અને પ્રશ્નો ધ્યાનપૂર્વક સાંભળ્યા હતા. અરજદારોના પ્રશ્નોનો યોગ્ય અને સમયબદ્ધ નિરાકરણ માટે બાંહેધરી વ્યક્ત કરી હતી.

## ગ્રાન્ટેડ શાળાઓમાં જ્ઞાન સહાયકોને ફાળવવા શિક્ષણમંત્રીને પત્ર પાઠવાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર સહિત રાજ્યભરની ગ્રાન્ટેડ શાળાઓમાં તાત્કાલિક ધોરણે જ્ઞાન સહાયકો ફાળવવા બાબત જામનગર જિલ્લા માધ્યમિક શૈક્ષણિક સંઘના પ્રમુખ મહેશભાઈ મુંગરાએ રાજ્યના શિક્ષણ મંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરી છે.

જામનગર જિલ્લાના માધ્યમિક શૈક્ષણિક સંઘના પ્રમુખ મહેશભાઈ મુંગરા એ રાજ્યના શિક્ષણમંત્રીને પત્ર પાઠવી જણાવ્યું છે કે વેકેશનના સમયગાળા દરમિયાન શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના વિવિધ ઘટક સંઘો દ્વારા રાજ્ય ની તમામ ગ્રાન્ટેડ શાળાઓમાં નવા શૈક્ષણિક વર્ષથી જ્ઞાન સહાયકો ફાળવવા માટે વારંવાર રજૂઆતો વિવિધ સ્તરે કરાવવામાં આવી હતી પરંતુ આજે શાળાઓ ચાલુ થવા છતાં પણ મોટાભાગની શાળાઓમાં શિક્ષકોની જગ્યાઓ ખાલી છે જેની વિપરીત અસર વિદ્યાર્થીઓના અભ્યાસ પર થઈ રહી છે.

ગ્રામ્ય વિસ્તારના અને આર્થિક રીતે પછાત વર્ગના બાળકો મોટાભાગે ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા હોય છે આથી શિક્ષકો ન હોવાને કારણે તથા અન્ય શૈક્ષણિક સાધનો ની સુવિધાઓ ની મર્યાદા ને કારણે વિદ્યાર્થીઓ શિક્ષણ પર તેની ગંભીર અસર પડે અને સમય જતાં તેઓ શાળા છોડી દે છે આથી રાજ્ય સરકારની ડ્રોપાઉટ રેશિયો ઘટાડવાની નીતિમાં તેની વિપરીત અસર પડે છે.

બાળકોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે અને રાજ્ય સરકારનું શિક્ષણનું સ્થાન ઊંચું લાવવા માટે રાજ્ય ની તમામ ગ્રાન્ટ શાળામાં તાત્કાલિક ધોરણે જ્ઞાન સહાયકો ફાળવવામાં આવી તેવી માગણી જામનગર જિલ્લા માધ્યમિક શૈક્ષણિક સંઘના પ્રમુખ મહેશભાઈ મુંગરા એ પત્ર દ્વારા કરી છે.

## ટ્રાફિક નિયમોને અસરકારક બનાવવા પોલીસની ડ્રાઇવ



તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં ટ્રાફિક નિયમોના અસરકારક અમલ અને માર્ગ સુરક્ષા અંગે જાગૃતિ લાવવાના હેતુથી સાતરસ્તા વિસ્તારમાં વિશેષ ટ્રાફિક ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેર વિભાગના ડીવાયએસપી જે.એન. ઝાલાના માર્ગદર્શન અને ઉપસ્થિતિમાં યોજાયેલી આ ડ્રાઇવ દરમિયાન ટ્રાફિક પોલીસની ટીમે સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. ડ્રાઇવ દરમિયાન સાતરસ્તા વિસ્તારમાંથી પસાર થતા અનેક વાહનોની તપાસ કરવામાં આવી હતી. ખાસ કરીને ફોરવ્હીલ વાહનોમાં ગેરકાયદેસર રીતે લગાવવામાં આવેલી ડાર્ક ફિલ્મ સામે ઝુંબેશ ચલાવવામાં આવી હતી. પોલીસે અનેક કારોને અટકાવી તેમની તપાસ કરી હતી, અને નિયમોનો ભંગ કરતી ગાડીઓમાંથી ડાર્ક ફિલ્મ દૂર કરાવી સંબંધિત વાહનચાલકો સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરી હતી. આ ઉપરાંત સીટ બેલ્ટનો ઉપયોગ ન કરવો, જરૂરી દસ્તાવેજો સાથે ન રાખવા, ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરવું સહિતના વિવિધ ભંગ બદલ પણ અનેક વાહનચાલકો સામે કેસો કરવામાં આવ્યા હતા. પોલીસ તંત્ર દ્વારા જણાવાયું હતું કે માર્ગ સુરક્ષા અને ટ્રાફિક શિસ્ત જળવાઈ રહે તે માટે આવી વિશેષ ડ્રાઇવો આગામી સમયમાં પણ ચાલુ રાખવામાં આવશે. ટ્રાફિક નિયમોનું પાલન કરી સુરક્ષિત વાહન વ્યવહાર માટે પોલીસ દ્વારા વાહનચાલકોને અપીલ પણ કરવામાં આવી હતી.

## રાજયના નાણામંત્રી જામનગરની મુલાકાતે



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના નાણામંત્રી કમલેશભાઈ પટેલ લેઉવા પટેલ સમાજ જામનગર ખાતે મુલાકાત લીધી હતી.આ તકે પટેલ સમાજના પ્રમુખ મનસુખભાઈ રાબડિયા,ધારાસભ્ય દિવ્યેશ અકબરી સહીત સૌ હોદેદારો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. નાણાંમંત્રી કમલેશભાઈ પટેલ પટેલ સમાજના આગેવાનો સાથે ચર્ચા વિચારણા કરી હતી. જામનગરના લેઉવા પટેલ સમાજની પ્રવૃતિ અને વિકાસ જોઈને તેઓ પ્રભાવિત થયા હતા. સેવા પ્રવૃતિને બિરદાવી હતીં.

## કેબીસીમાં ભાગ લેનારના પિતાને પોલીસનો સહયોગ, માર્ગમાં ભોજનની વ્યવસ્થા કરીઃધ્રોલ હાઈવે પર પદયાત્રામાં ભોજન પીરસી માનવતા દાખવી

**સમય સંદેશઃ ધ્રોલ**

જામનગરના ધ્રોલ હાઈવે પર પોલીસે માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. કેબીસીમાં ભાગ લેનાર રાની પાટીદારના પિતા, જેઓ ઉજ્જૈનથી દ્વારકાધીશની પદયાત્રા પર હતા, તેમને પોલીસે ભોજન પીરસી અને આરામ કરાવી મદદ કરી.

મધ્યપ્રદેશના આલોત નિવાસી રાની પાટીદારના પિતા વર્ષ ૨૦૨૨માં ઊંઇઇમાં રાનીના ભાગ લેવા દરમિયાન ચર્ચામાં આવ્યા હતા. તેમના સંઘર્ષને ખુદ અમિતાભ બચ્ચને મંચ પરથી બિરદાવ્યો હતો.




હાલ તેઓ ઉજ્જૈનથી દ્વારકાધીશના દર્શનાર્થે હજારો કિલોમીટરની પદયાત્રા કરી રહ્યા છે. આ લાંબી યાત્રા દરમિયાન તેઓ ધ્રોલ હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા.

ધ્રોલ હાઈવે પર ફરજ પર હાજર મુકેશભાઈ વિંઝુડા અને તેમની ટીમે આ વૃદ્ધ યાત્રિકને જોયા. તેમણે તાત્કાલિક પોતાની ફરજથી પર ઉઠીને મદદ કરવાનો નિર્ણય કર્યો. પોલીસે યાત્રિકને થોડો સમય વિશ્રામ કરવા જણાવ્યું અને તેમને ભોજન પીરસીને સેવા કરી. પોલીસે જણાવ્યું કે તેમને યાત્રિકની સેવા કરવાનો મોકો મળ્યો તે તેમનું સૌભાગ્ય છે. યાત્રિકે પોલીસની આ સેવાને દ્વારકાધીશની પ્રસાદી સમાન ગણાવી હતી અને કહ્યું કે ખાખીમાં માનવતાના દર્શન થતા રસ્તાનો થાક પણ ઓગળી જાય છે. પોલીસની આ કાર્યશૈલીએ ખાખી માત્ર સુરક્ષાનું પ્રતીક નથી, પરંતુ માનવતાનું ઉત્તમ માધ્યમ પણ છે તે સાબિત કર્યું.

## શિક્ષકોના વિવિધ પડતર પ્રશ્નો અંગે રાજયના શિક્ષણમંત્રી સાથે બેઠક

**સમય સંદેશઃ જામનગર**

જામનગર સહિત સમગ્ર ગુજરાતમાં શિક્ષણ અંગેના પડતર પ્રશ્નો અંગે ગુજરાત સરકારના શિક્ષણમંત્રી દ્વારા જુદા જુદા શિક્ષક સંઘો, મંડળના પ્રતિનિધિઓ સાથે તા.૧૨-૬-૨૦૨૬ના રોજ મીટીંગ યોજાશે. આ મિટિંગમાં જામનગરના શિક્ષકોના પ્રતિનિધિઓ હાજર હાજર રહશે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત(વિદ્યાલય શિક્ષા-તમામ સંવર્ગ), ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ, ગુજરાત રાજય નગર પ્રાથમિક શિક્ષક સંઘ, ગુજરાત રાજય આચાર્ય સંઘ, ગુ.રા.ઉ.માધ્યમિક શિ. સંઘ મહામંડળ, ગુ.રા.માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળ, ગુજરાત રાજય વહીવટી સંઘ મહામંડળ, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ (ઉચ્ચ શિક્ષા કોલેજ યુનિવર્સિટી), ગુજરાત રાજય સરકારી ઇજનેર કોલેજ શૈક્ષણિક રાજયપત્રિત અધિકારી મંડળ, ગુજરાત રાજય ટેકનીકલ શિક્ષણ વર્ગ-૩ સરકારી કર્મચારી મંડળ, અમદાવાદ, પોલિટેકનિક અધ્યાપક મંડળ, ગુજરાત રાજય અધ્યાપક મહામંડળ, અધ્યાપક સહાયક મંડળ, ગુજરાત રાજય ટેકનીકલ શિક્ષણ વર્ગ-૩ (લેબ.આસિ.એસો.), ગુજરાત રાજય ટેકનિકલ શિક્ષણ વહીવટી સ્ટાફ એસો., અને પીએમ પોષણ શક્તિ નિર્માણ યોજના કર્મચારી સંઘના પડતર પ્રશ્નોના નિકાલ માટે માનનીય મંત્રીના અધ્યક્ષ સ્થાને આગામી તા.૧૦/૦૬/૨૦૨૬, બુધવારના રોજ તાપી હોલ, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર ખાતે બેઠક રાખવાનું નક્કી કરવામાં આવેલ છે. આ

અનુ પાના નં.૨ પર

## જામજોધપુરના ગીંગણી ગામે પટેલ યુવાનનો આપઘાત

### ઝેરી દવા પીને અંતીમ પગલું ભરી લીધુંઃ પોલીસ તપાસ

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકાના ગીંગણી ગામમાં રહેતા પટેલ યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા પી આપઘાત કર્યાના બનાવ બનેલ છે. આ બનાવની વિગત મુજબ તાલુકાના ગીંગણી ગામમાં રહેતા લખનભાઇ સુભાષભાઇ ડઢાણિયા (ઉ.વ. ૩૦) નામના પટેલ યુવાનએ અગમ્ય કારણોસર કોટડા બાવીસી ગામની સીમમાં આવેલી તેની વાડીમાં જઇ અગમ્ય કારણોસર ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં બેશુધ્ધ હાલતમાં આ યુવાનને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યાનું ફરજ પરના તબીબોએ જાહેર કર્યું હતું. આ અંગે અરવિંદભાઇ દ્વારા જાણ કરાતા હે.કો. આર.આર. જાડેજા તથા સ્ટાફએ હોસ્પીટલ પહોંચી જઇ મૃતદેહનો કબ્જો સંભાળી પીએમ માટે મોકલી આત્મહત્યાનું કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી હતી.

## જામનગર મહાનગરપાલિકાની બેદરકારીનો વધુ એક નમૂનો!

**સમય સંદેશઃ જામનગર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સ્વચ્છ અને ગ્રીન ટ્રાન્સપોર્ટની પહેલ અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા જામનગરને ૫૦ ઇલેક્ટ્રિક બસો ફાળવવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, ૫૦માંથી ૨૫ ઇલેક્ટ્રિક બસો ત્રણ મહિના પહેલા જ જામનગર મહાનગરપાલિકાને સોંપવામાં આવી હોવા છતાં આજે પણ ધૂળ ખાઈ રહી છે.

બીજી તરફ, આશરે ૧૩ કરોડ રૂપિયાના ખર્ચે ઇ-બસ સ્ટેન્ડ તૈયાર કરવામાં આવ્યા હોવા છતાં બસો લોકોને સેવા આપવા માટે ક્યારે રોડ પર દોડશે તેનું કોઈ સ્પષ્ટ આયોજન જોવા મળતું નથી. એક તરફ વડાપ્રધાન દ્વારા ડીઝલનો વપરાશ ઘટાડવા અને પર્યાવરણને અનુકૂળ વાહન વ્યવહારને પ્રોત્સાહન આપવાની અપીલ કરવામાં આવી રહી છે, જ્યારે બીજી તરફ જામનગરમાં હજુ પણ ડીઝલ બસોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.



તસવીરઃ હિરેન ગાંધી

અધિકારીઓ અને પદાધિકારીઓની બેદરકારીના કારણે કરોડો રૂપિયાની જાહેર સંપત્તિ ઉપયોગ વગર પડી રહી હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. શહેરવાસીઓએ ઇલેક્ટ્રિક બસ સેવા વહેલી તકે શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## જામનગરમાં બે વર્ષના બાળકને હડફેટે લેનાર બાઈક ચાલકને એક વર્ષની સજા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ગોકુલ નગર વિસ્તારમાં રહેતા ફરિયાદી જીજ્ઞેશ બળદેવભાઈ રામાવત નો ભત્રીજો નિર્ભય (ઉ.વ.૨) તા.૨૮/૩/૨૦૨૦ ના ઘર ની બહાર શેરી માં રમતો હતો, ત્યારે વિજયસિંહ વાઘેલા નામનો યુવાન બાઈક લઈને ત્યાં થી પસાર થયો હતો. અને બાળક નિર્ભય ને હડફેટે લેતાં બાળક ને માથા માં હાડકા માં ફેકચર, કાન, બંને આંખ માં સામાન્ય ઈજા પહોંચી હતી.આથી બાળક ને અમદાવાદ સારવાર માટે લઈ જવો પડયો હતો. આ બનાવ અંગે ફરિયાદીએ બાઈક

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં મોંઘવારીના વિરોધમાં કોંગ્રેસ દ્વારા 'મોંઘવારીનું કારાવાસ' પ્રતીકાત્મક ધરણાં યોજાયા







તસવીરઃ હિરેન ગાંધી

દેશમાં સતત વધતી મોંઘવારી, ગેસ, પેટ્રોલ-ડીઝલ અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવવધારા સામે જામનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિરેન્દ્રસિંહ (દિગુભા) જાડેજાની આગેવાની હેઠળ ગઈકાલે ૯ જૂનના રોજ સાંજે ડી.કે.વી. સર્કલ ખાતે એક ઉગ્ર ધરણાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અનોખા વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોએ ગેસના બાટલા અને ઇંધણને જેલના સળિયા પાછળ ધકેલી 'મોંઘવારીનું કારાવાસ' નામનો પ્રતીકાત્મક વિરોધ યોજી સરકારની લોકવિરોધી નીતિઓ સામે પ્રચંડ આક્રોશ વ્યક્ત કર્યો હતો.

## જામનગરમાં કોંગ્રેસ દ્વારા અનોખો વિરોધઃ મોંઘવારીના વિરોધમાં યોજાયો મોંઘવારીનું કારાવાસ અને ધરણાં કાર્યક્રમ

### વધતી મોંઘવારી, ગેસ, પેટ્રોલ-ડીઝલ અને અનાજના ભાવવધારા સામે જામનગર શહેર કોંગ્રેસ સમિતિએ ડી.કે.વી સર્કલ ખાતે સરકાર સામે બાયો ચડાવી

**સમય સંદેશઃ જામનગર**

દેશમાં સતત વધી રહેલી અસહ્ય મોંઘવારી, ગેસ સિલિન્ડર, પેટ્રોલ-ડીઝલ તેમજ રોજિંદી જીવનજરૂરી ચીજવસ્તુઓ અને અનાજના ભાવોમાં ઝીંકાયેલા કમરતોડ વધારા સામે ગઈકાલે જામનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જામનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિરેન્દ્રસિંહ (દિગુભા) જાડેજાની આગેવાની હેઠળ ગઈકાલે તારીખ ૦૯/૦૬/૨૦૨૬ ને મંગળવારના રોજ સાંજે ૦૫:૦૦ વાગ્યે શહેરના વ્યસ્ત એવા ડી.કે.વી. સર્કલ ખાતે સરકારની લોકવિરોધી નીતિઓ સામે પ્રચંડ ધરણાં કાર્યક્રમ યોજાયો હતો. આ આંદોલન દરમિયાન કોંગ્રેસ દ્વારા પ્રતીકાત્મક રીતે ગેસના બાટલા અને ઇંધણને જેલના સળિયા પાછળ ધકેલી ''મોંઘવારીનું કારાવાસ'' નામનો અનોખો વિરોધ પ્રદર્શન યોજીને લોકોનું ધ્યાન આકર્ષિત કરવામાં આવ્યું હતું. ડી.કે.વી. સર્કલ ખાતે યોજાયેલા આ ધરણાં કાર્યક્રમમાં જામનગર શહેર કોંગ્રેસના તમામ અગ્રણી હોદ્દેદારો, વિવિધ સેલના પ્રમુખશ્રીઓ, વરિષ્ઠ આગેવાનો, કોર્પોરેશનની ચૂંટણી લડેલા ઉમેદવારો તેમજ મોટી સંખ્યામાં મહિલા કાર્યકરો અને સામાન્ય નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે કોંગ્રેસના નેતાઓએ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારો માટે હવે ઘર ચલાવવું મુશ્કેલ બની ગયું છે. જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવો આસમાને પહોંચી ગયા છે, છતાં સરકાર જનતાને રાહત આપવાને બદલે માત્ર વાતો જ કરી રહી છે. વિરોધ પ્રદર્શન દરમિયાન કાર્યકરોએ પ્લેકાર્ડ્સ અને સૂત્રોચ્ચારો દ્વારા સરકારની આર્થિક નીતિઓનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

આ વિરોધ કાર્યક્રમમાં વિક્રમભાઈ માડમ, દિગુભા જાડેજા, સહારા મકવાણા, સંજય કાંબરિયા, મોહસીન ખફી, ભરત વાળા, મહિપાલસિંહ જાડેજા, રવિરાજસિંહ ગોહિલ, આનંદ ગોહિલ, યુનૂસ દરજાદા અને તૌસિફ શેખ સહિતના કોંગ્રેસી આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## જામનગર હાઈવે પર બાઈક સ્ટંટનો વીડિયો વાયરલ થતાંની સાથે જ તંત્ર હરકતમાં આવ્યું

### યુવકે મોટી ખાવડી નજીક બાઇક પર સૂઈને સ્ટંટ કરી લોકોના જીવ જોખમમાં મૂક્યાઃ નંબરના આધારે પોલીસ તપાસ શરૂ કરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર નજીક ખંભાળિયા હાઈવે પર આવેલા મોટી ખાવડી ગામ પાસેથી રિલાયન્સ ગ્રીન તરફ જતા રોડ પર બની હતી. વીડિયોમાં એક અજાણ્યો યુવક બાઇકની સીટ પર આડો સૂઈને તેને પૂરપાટ ઝડપે ચલાવી રહ્યો છે, જ્યારે હાઈવે પર અન્ય વાહનોની



અવરજવર પણ ચાલુ છે.

હાઈવે પરથી પસાર થતા અન્ય એક વાહનચાલકે આ જોખમી સ્ટંટનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કરી લીધો હતો. આ વીડિયો હવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં સ્પષ્ટ દેખાય

અનુ પાના નં.૨ પર

## ધ્રોલના પેટ્રોલ પંપમાંથી રૂ.૧૪.૦૬ લાખની ઉચાપત અંગે મેનેજર સામે પોલીસ ફરિયાદ

### રજા દરમ્યાન સોંપાયેલા વહીવટમાં ગેરરીતીનો આરોપ : નોટરી લખાણ આપ્યા છતા રકમ પરત નહી કરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો : પેટ્રોલ-ડિઝલના હિસાબમાં તપાસ કરતા રૂ.૧૪ લાખ ઉપરાંતનો તફાવત સામે આવતા ભાગીદારો ચોંકયા

**સમય સંદેશઃ ધ્રોલ**

જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે આવેલા 'જય દ્વારકાધીશ પેટ્રોલિયમ' પેટ્રોલ પંપના ભાગીદાર કેતનભાઈ લાલજીભાઈ પરમારે મુજબ પંપના કર્મચારી દાઉદશા અનવરશા શાહમદાર સામે વિશ્વાસઘાત અને ધમકી અંગે ફરિયાદ નોંધાવી જણાવ્યું કે, ધ્રોલના ચામુંડા પ્લોટ વિસ્તારમાં આવેલ પેટ્રોલ પંપનું સંચાલન ચાર ભાગીદારો દ્વારા કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૮થી શરૂ થયેલા આ પેટ્રોલ પંપમાં મેનેજર નિશાંતભાઈ રજાએ જતા તા. ૦૨ ડિસેમ્બર ૨૦૨૫થી ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન સમગ્ર વહીવટ દાઉદશા અનવરશા શાહમદારને સોંપવામાં આવ્યો હતો. આ વેળાએ પેટ્રોલ અને ડીઝલનું કુલ રૂપિયા ૪૪,૯૫,૩૬૮નું વેચાણ થયું હતું. જ્યારે બેંક અને હિસાબમાં માત્ર ૩૦,૮૮,૫૧૧ જમા કરાવવામાં આવ્યા હોવાનું જણાયું હતું. તપાસ કરતાં ૧૪,૦૬,૮૫૭ની રકમનો તફાવત સામે આવ્યો હતો.

ભાગીદારોએ હિસાબ અંગે પૂછપરછ કરતાં દાઉદશાએ પોતાના ઉપયોગ માટે રકમ વાપરી નાખ્યાની કબૂલાત આપી હતી. એટલું જ નહી આરોપી દાઉદશા અને તેના ભાઈ રફીકશા અનવરશા શાહમદારે તા. ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ નોટરી લખાણ કરી રકમ પરત આપવાની ખાતરી આપી હોવા છતાં નોટરીમાં દર્શાવેલ સમયમર્યાદા પૂર્ણ થયા બાદ પણ રકમ પરત આપવામાં આવી નહોતી.

ફરિયાદી પક્ષના જણાવ્યા મુજબ રકમની ઉઘરાણી માટે સંપર્ક કરતાં આરોપી ગેંગેંફેંફે કરતા હોય અને બાદમાં તમારાથી જે થાય તે કરી લેજો, રૂપિયા આપવાના નથી તેમ કહી હાથ-પગ ભાંગી નાખવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપતો હતો. સમગ્ર મામલે ધ્રોલ પોલીસે ફરિયાદના આધારે આરોપી દાઉદશા અનવરશા શાહમદાર વિરુદ્ધ વિશ્વાસઘાત ધમકી સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગર એસીબીનું છટકુઃ હરીપરના સરપંચ પતિ સહિત બે શખ્સો પાંચ લાખની લાંચ લેતા ઝબ્બે

**સમય સંદેશઃ જામનગર**

ગ્રામ્ય પંથકમાં વ્યાપેલો ભ્રષ્ટાચાર ખુલીને બહાર આવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના હરીપર ગામના સરપંચના પતિ સહિત બે શખ્સો ૫ લાખની લાંચ લેતા ઝડપાયા હતા. જામનગર એસીબીની ટીમે કલ્યાણપુર મામલતદાર કચેરી સામે આવેલી ફરિયાદીના મિત્રની ઓફીસમાં છટકું ગોઠવી હતી. હરીપર ગામે ફરિયાદીની પથ્થરની ખાણ આવેલી હોય.

જેમાં કામગીરી દરમિયાન હેરાનગતિ ન કરવાના અવેજ પેટે આરોપીઓએ રૂ. ૩૦ લાખ જેવી તોતિંગ રકમની માંગણી કર્યા બાદ ૨૦ લાખમાં નક્કી થયું અને પ્રથમ હપ્તા



તસવીરઃ હિરેન ગાંધી

પેટે સ્વીકારવા છતાં આરોપી એસીબીની ઝપટે ચડ્યા હતા. ગામના સરપંચના પતિ જ લાંચ કેસમાં ઝડપાતા સ્થાનિક રાજકીય અને સામાજિક વર્તુળોમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. કલ્યાણપુર તાલુકાના હરીપર ગામ વિસ્તારમાં આવેલા કાળા પથ્થર કાઢવાની ખાણની કામગીરીમાં હરીપર ગ્રામ પંચાયતના સરપંચ તથા સભ્ય દ્વારા ખોટી હેરાનગતી નહી કરવાના અવેજ પેટે હરીપર ગ્રામ પંચાયતના સરપંચના પતિ ડાયા પરમારે ફરીયાદી તથા તેના પાર્ટનર પાસેથી રૂ.૩૦ લાખની લાંચની માંગણી કરી હતું.

જેમાં રકજકના અંતે રૂ.૨૦ લાખ આપવાનો વાયદો થયો અને તે પૈકી રૂ.૫ લાખ રૂપિયાનો પ્રથમ હપ્તો આપી દેવા આરોપીઓએ જણાવ્યું હતું. હરીપર ગામના સરપંચના પતિ ડાયા અરજણભાઇ પરમાર (રહે.હરીપર ગામ, તા.કલ્યાણપુર, જી.દેવભૂમિ દ્વારકા) અને જીવા અરજણભાઇ પરમાર, (રહે.કલ્યાણપુર તા.કલ્યાણપુર) એ રૂ.૨૦ લાખ જેવી તોતિંગ રકમની માંગ કરી હતી. જો કે ફરિયાદી રકમ આપવા માંગતા ન હોવાથી જામનગર એસીબીની ટીમનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જ્યાં ફરિયાદ કરતા ફરિયાદના આધારે અધિકારીઓએ પ્રાથમિક ચકાસણી કરી અધિકારીઓએ આયોજનબદ્ધ રીતે છટકું ગોઠવ્યું હતું.

## જામનગર જિલ્લામાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ૬ ગુનાઓ નોંધાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ સઘન કાર્યવાહી હાથ ધરી વિવિધ પોલીસ મથક વિસ્તારોમાંથી વિદેશી દારૂ સાથે ૬ શખ્સોને ઝડપી પાડ્યા છે. અલગ-અલગ રેઇડ દરમિયાન ભારતીય બનાવટનો વિદેશી દારૂ, વાહનો તથા અન્ય મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. સીટી 'એ' ડિવિઝન વિસ્તારમાં નિલકંઠનગર ખાતે કરવામાં આવેલી રેઇડ દરમિયાન દિલીપભાઈ ઉર્ફે રાજા કારાભાઈ પરમાર પાસેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવતા તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

સીટી 'બી' ડિવિઝન વિસ્તારમાં નવાગામ ઘેડ, કબીરનગર સફીયાવાસ ખાતે કરવામાં આવેલી રેઇડ દરમિયાન મામદભાઈ સુલેમાનભાઈ સફીયાના રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂના ચપલા કબજે કરવામાં આવ્યા હતા. સીટી 'સી' ડિવિઝન વિસ્તારમાં બે અલગ-અલગ કાર્યવાહીમાં સોનુસિંગ શેરસિંગ ખીચ્ચી તથા સચિનકુમાર અશોકકુમારને વિદેશી દારૂ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન દારૂ ઉપરાંત એક્ટીવા પણ કબજે કરવામાં આવી હતી.

જોડીયા પોલીસ મથક વિસ્તારમાં ભાદરા પાટીયા સર્કલ નજીક નીલેશભાઈ ચંદુભાઈ ધામેચા એક્ટીવામાં દારૂની હેરાફેરી કરતા ઝડપાયો હતો. તેની પાસેથી દારૂ, મોબાઇલ ફોન તથા એક્ટીવા મળી કુલ રૂ. ૮૧,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. કાલાવડ ગ્રામ્ય પોલીસ મથક વિસ્તારમાં મોઇનભાઈ ઉર્ફે સોનુ અનવરભાઈ મીયાવા જાહેર સ્થળે વિદેશી દારૂ સાથે ઝડપાતા તેની સામે પણ પ્રોહિબિશન એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જિલ્લા પોલીસ દ્વારા હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં કુલ ૬ પ્રોહિબિશનના ગુનાઓ નોંધાયા છે. તમામ ગુનાઓમાં સંબંધિત પોલીસ મથકો દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## જામનગરમાં અતિ જોખમી અને જર્જરીત ઈમારતોની ડીમોલેશન પ્રક્રિયા શરૂ કરાઈ

### ત્રણ બત્તી પાસે ગીતાલોજ વાળી જૂની ઈમારત પર હથોડો વીંઝાયો



તસવીરઃ હિરેન ગાંધી





**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં ચોમાસાની ઋતુ દરમિયાન કોઈ અનિચ્છનીય દુર્ઘટના સર્જાય નહીં, અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય તે હેતુથી જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી જર્જરિત અને જોખમી ઇમારતોનું સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. સર્વેક્ષણ દરમિયાન કુલ ૬ ઇમારતો અત્યંત જર્જરિત અને માનવજીવન માટે જોખમરૂપ હોવાનું સામે આવતા સંબંધિત મિલકતધારકોને આખરી નોટિસો પાઠવવામાં આવી હતી. આ કાર્યવાહીના ભાગરૂપે મંગળવારથી મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા, એસ્ટેટ શાખા તથા અન્ય સંબંધિત વિભાગોની ટીમો દ્વારા ડિમોલેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જરૂરિયાત મુજબ પોલીસ બંદોબસ્ત અને તકનિકી સ્ટાફની મદદ પણ લેવામાં આવી રહી છે. મહાનગરપાલિકાના સર્વે મુજબ ત્રણબત્તી વિસ્તારમાં આવેલી ગીતા લોજની જૂની ઇમારત અત્યંત જર્જરિત હાલતમાં હોવાનું સામે આવ્યું છે. ઇમારતને અગાઉથી ખાલી કરાવી દેવામાં આવી છે અને તેના ડિમોલેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

તે ઉપરાંત પટેલ કોલોની શેરી નં. ૧૧માં આવેલ મીરા એપાર્ટમેન્ટ, નવાગામ વિસ્તારમાં આવેલ લક્ષ્મી એપાર્ટમેન્ટ, સ સેક્શન રોડ પર આવેલ ઓધવરામ એપાર્ટમેન્ટ, ગ્રેઇન માર્કેટ

અનુ પાના નં.૨ પર

## ઓખા મંડળના મોજપ ગામનો પ્રોહિ. બુટલેગર પાસા તળે જેલ હવાલે કરાયો

**સમય સંદેશઃ ઓખા**



ઓખા મંડળના મોજપ ગામે રહેતા અજુભા ભુટાભા માણેક નામના ૨૭ વર્ષના શખ્સ સામે સ્થાનિક પોલીસ મથકમાં દારૂ અંગેના વિવિધ ગુનાઓ નોંધાયા હતા. આ વચ્ચે જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ એલસીબી વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી તથા પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારીની ટીમ દ્વારા જરૂરી કાર્યવાહી કરી, ઉપરોક્ત શખ્સના ગુનાહિત ઇતિહાસ અંગેની માહિતી એકત્ર કરી. આ પ્રોહિ. બુટલેગરની પાસા દરખાસ્ત અહીંના જિલ્લા કલેક્ટર રાજેશ એમ. તન્ના સમક્ષ મુકવામાં આવી હતી. જેને ધ્યાને લઈ, તેમણે હકારાત્મક અભિગમ અપનાવી, ઊંડાણપૂર્વકના અભ્યાસ બાદ આ પાસા દરખાસ્ત મંજૂર કરી, તેનું અટકાયતી વોરંટ ઇસ્યુ કરવામાં આવ્યું હતું.

આ પછી એલસીબી પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી તેમજ તેમની ટીમ દ્વારા ઉપરોક્ત શખ્સને રાઉન્ડ અપ કરી, પાસા વોરંટની બજવણી કર્યા બાદ આ શખ્સને કચ્છ ભુજની પાલારા ખાસ જેલ ખાતે મોકલી આપવાની તજવીજ કરવામાં આવી હતી.

## જામનગરમાં નંબર પ્લેટ વગરના ડમ્પરે મહિલાને અડફેટે લીધીઃ પોલીસની હાજરીમાં ડ્રાઈવર-માલિક અને સ્થાનિકો વચ્ચે ઝપાઝપી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં સંતોષી માતાજી મંદિર નજીક નંબર પ્લેટ વગરના એક ડમ્પરે એક મહિલાને અડફેટે લીધી હતી. આ અકસ્માતમાં મહિલાને ઈજા પહોંચી હતી. ઘટના બાદ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો એકઠા થયા હતા.

પ્રાથમિક માહિતી અનુસાર, બેફામ ગતિએ આવી રહેલા ડમ્પરે મહિલાને ટક્કર મારી હતી. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને તેમણે ડમ્પર ચાલક સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. અકસ્માત બાદ સ્થાનિકો વિરોધ કરી રહ્યા હતા ત્યારે, ડમ્પરના ડ્રાઈવર અને માલિકે પોતાની ભૂલ સ્વીકારવાને બદલે સ્થાનિકો સાથે દાદાગીરી શરૂ કરી હતી. પરિસ્થિતિ વધુ વણસતા ડ્રાઈવર અને માલિકે સ્થાનિકો સાથે ઝપાઝપી કરી હતી.





તસવીરઃ હિરેન ગાંધી

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com